Sarva Vidyalaya Kelavani Mandal managed
UMA ARTS AND NATHIBA COMMERCE MAHILA COLLEGE
Sarva Vidyalaya Campus, Sector - 23, Gandhinagar – 382023
(Estd. In 1991, Affiliated with Gujarat University-College Code-191- AISHE Code – C-5881 )
NAAC -Cycle-3- A Grade - 3.32 CGPA (from 12-09-2017 to 11/09/2022)
College with Potential for Excellence Phase-II
SINCE 1919
E-Mail: artscollegeuma@gmail.com || Website: uancmahilacollege.org | Mobile: 88495 49356
Youtube : UANC Mahila College, Gandhinagar. Twitter : @UmaandNathiba

# ૩૦ મો ઇનામવિતરણ –વાર્ષિકોત્સવ સમારોહ
# વાર્ષિક અહેવાલ
# શૈક્ષણિક વર્ષ ૨૦૨૩ – ૨૦૨૪
# ૧૯ ફેબ્રુઆરી, ૨૦૨૪

**ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કોમર્સ મહિલા કોલજના ૩૧મા વાર્ષિકોત્સવ અને ઇનામવિતરણ સમારોહમાં આપ સૌનું સ્વાગત છે. IQAC કમિટિના કોઓર્ડીનેટર હોવાને નાતે, હું, ડૉ. પ્રણવ જોષીપુરા, કોલેજનો વાર્ષિક અહેવાલ રજૂ કરતા અત્યંત હર્ષ અને આનંદની લાગણી અનુભવું છું.**

**શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૦૨૪ માં આપણી કોલેજમાં બૌદ્ધિક, સાંસ્કૃતિક, અભ્યાસપૂરક તેમજ અભ્યાસેતર બહુવિધ પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી છે. તેમજ જે સિધ્ધિઓએ કોલેજને ગૌરવ અપાવ્યું છે તેનો અહેવાલ અત્રે રજુ કરું છું.**

## પરીક્ષાના પરિણામોની વિગત

દર વર્ષની જેમ આ વર્ષે પણ ગુજરાત યુનિવર્સીટીના પરિણામોની સરખામણીમાં આપણી કોલેજના પરિણામો ખૂબ જ ઊંચા રહ્યાં છે. આપણી કોલેજના પરિણામો અધ્યાપકશ્રીઓની નિષ્ઠા તથા વિદ્યાર્થીઓની મહેનત તથા પ્રગતિના માર્ગે આગળ ધપવાનો સંકલ્પ સુસ્પષ્ટ કરે છે. એપ્રિલ-મે ૨૦૨૩માં યોજએલ સેમેસ્ટર ૨, ૪ અને ૬ ગુજરાત યુનિ.પરીક્ષાના પરિણામો આ પ્રમાણે રહ્યા –

| ક્લાસ અને સેમેસ્ટર | ગુજરાત યુનિવર્સીટી પરિણામ | કોલેજ પરિણામ |
|---|---|---|
| **FYBA Sem II** | **71.12%** | **92.51%** |
| **SYBA Sem IV** | **75.28%** | **89.92%** |
| **TYBA Sem VI** | **70.08%** | **78.06%** |
| **FYBCom Sem II** | **69.33%** | **76.12%** |
| **SYBCOM Sem IV** | **69.68%** | **86.44%** |
| **TYBCom Sem VI** | **61.28%** | **65.85%** |
| **MA Sem II** | **88.20%** | **100%** |
| **MA Sem IV** | **73.35%** | **94.14%** |

ગુજરાત યુનિવર્સીટી દ્વારા યોજાએલ આર્ટસ Semester II ની પરીક્ષામાં સમગ્ર ગુજરાત યુનીવર્સીટીમાં **પ્રથમ ક્રમે કુ. જાનકી આર. ઝાલા, દસમાં ક્રમે કુ. તહેમીન અન્સારી** તેમ જ **સોળમાં ક્રમે કુ. વિશ્વા જાદવે** ઉત્તીર્ણ થઈને સમગ્ર કોલેજને ગૌરવ અપાવ્યું છે. અભિનંદન... આ ત્રણેય વિદ્યાર્થીનીઓ અંગ્રેજી વિષયના વિદ્યાર્થીનીઓ છે.

ઓક્ટોબર-નવેમ્બર ૨૦૨૩ માં યોજએલ સેમેસ્ટર ૧, ૩ અને ૫ પરીક્ષાના ગુજરાત યુનિવર્સીટી પરીક્ષાના પરિણામોમાં BA અને B.Com. સેમેસ્ટર V ના પરિણામો આ પ્રમાણે રહ્યા

| ક્લાસ અને સેમેસ્ટર | ગુજરાત યુનિવર્સીટી પરિણામ | કોલેજ પરિણામ |
|---|---|---|
| **TYBA Sem V** | **73.35%** | **94.14%** |
| **TYBCom Sem V** | **61.84%** | **85.71.%** |

**ગુજરાત યુનિવર્સીટી દ્વારા યોજાએલ આર્ટસ Semester V ની પરીક્ષામાં સમગ્ર ગુજરાત યુનીવર્સીટીમાં તેત્રીસમાં ક્રમે સમાજશાસ્ત્ર વિષયના કુ. કાજલ મૈયાડ અને ચુમ્માલીસમાં ક્રમે મનોવિજ્ઞાન વિષયના કુ. મીનાક્ષી મકવાણા ઉત્તીર્ણ થઈને સમગ્ર કોલેજને ગૌરવ અપાવ્યું છે. અભિનંદન...**

કોલેજની અભ્યાસપૂરક પ્રવૃત્તિઓની સિધ્ધિઓ પણ વિશિષ્ઠ છે.

**NCC**

આ વર્ષે NCC અંતર્ગત અનેક પ્રવૃત્તિઓ થઇ:

- તા. ૨૧.૬.૨૦૨૩ના રોજ યોગ દિવસના કાર્યક્રમમાં ૧૪ કેડેટ્સે ભાગ લીધો;
- તા. ૧૫.૦૭.૨૦૨૩ના રોજ રાજભવન ખાતે યોજાએલ બ્લડ ડોનેશન કાર્યક્રમમાં આપણી કોલેજની વિદ્યાર્થીનીઓ કુ. માનસી પટેલ, કુ. ખુશી રાવલ, કુ. હેતલ ચૌધરી અને કુ. સીનલ પટેલે રક્તદાન કર્યું;
- તા. ૧૫.૦૮.૨૦૨૩ના રોજ યોજાયેલ સ્વતંત્રતા સમારોહમાં આપણી કોલેજની ચાર વિદ્યાર્થીનીઓએ મુખ્ય મહેમાનનું પાયલોટીંગ કર્યું;
- તા. ૨૩.૮.૨૦૨૩ના રોજ NCC Integrated Software વિષય પર યોજાયેલ એએનઓ કોન્ફરન્સમાં લેફ્ટનન્ટ ડૉ. શ્રુતીબેન સુથારે હાજરી આપી;
- તા. ૧૬.૦૯.૨૦૨૩ના ૧૯ કેડેટ્સે કંથારપુર ગામની મુલાકાત લીધી.

NCC ના વિવિધ કેમ્પની માહિતી:

- તા. ૨૩.૬.૨૦૨૩ થી ૨.૭.૨૦૨૩ દરમ્યાન NCC હેડક્વાટર, અમદાવાદ ખાતે યોજાએલ CATC Camp I માં ૧૦ કેડેટ્સે હાજરી આપી. જેમાં કેડેટ ભાવિકા નહારવાડાએ ફાયરીંગમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું અને ગ્રુપ ડાન્સમાં પણ પ્રથમ ક્રમ મેળવ્યો;
- તા. ૫.૮.૨૦૨૩ થી ૧૫.૮.૨૦૨૩ દરમ્યાન NCC હેડક્વાટર, અમદાવાદ ખાતે યોજાએલ CATC Camp II માં ૧૦ કેડેટ્સે હાજરી આપી;
- તા. ૨૬.૧૧.૨૦૨૩ થી ૫.૧૨.૨૦૨૩ દરમ્યાન NCC હેડક્વાટર, અમદાવાદ ખાતે યોજાએલ CATC Camp II માં ૯ કેડેટ્સે હાજરી આપી;

NCC ‘B’ અને ‘C’ સર્ટીફીકેટ પરીક્ષા:

- તા. ૫.૨.૨૦૨૪ના રોજ NCC હેડક્વાટર, અમદાવાદ ખાતે યોજાએલ ‘B’ સર્ટીફીકેટ પ્રેક્ટીકલ પરીક્ષા ૧૫ વિદ્યાર્થીઓએ આપી;
- તા. ૫.૨.૨૦૨૪ના રોજ SLU Arts College for Women, અમદાવાદ ખાતે યોજાએલ ‘B’ સર્ટીફીકેટ લેખિત પરીક્ષા ૧૫ વિદ્યાર્થીઓએ આપી;

- તા. ૧૭.૨.૨૦૨૪ના રોજ NCC હેડક્વાટર, અમદાવાદ ખાતે યોજાએલ ‘C’ સર્ટીફીકેટ પ્રેક્ટીકલ પરીક્ષા ૧૫ વિદ્યાર્થીઓએ આપી;
- તા.૧૮.૨.૨૦૨૪ના રોજ SLU Arts College for Women, અમદાવાદ ખાતે યોજાએલ ‘C’ સર્ટીફીકેટ લેખિત પરીક્ષા ૧૫ વિદ્યાર્થીઓએ આપી;

કોલેજના NCC ANO લેફ્ટનન્ટ ડો. શ્રુતીબેન સુથાર અને સમગ્ર NCC કમિટીને અભિનંદન.

**NSS**

**NSS** રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત ખુબ પ્રવૃતિઓ હાથ ધરવામાં આવી. જે નીચે મુજબ છે:

- તા. ૧૭/૬/૨૦૨૩ના રોજ સૂર્યનમસ્કારનો કાર્યક્રમ યોજાયો. જેમાં ૩૦ સ્ટાફ સભ્યો અને ૪૦ વિદ્યાર્થીનીઓ હાજર રહેલ. માર્ગદર્શક તરીકે પ્રા. પાયલબેન પંડયા અને ડૉ. મીતાબેન શાહે સેવા આપી.
- તા. ૨૧/૬/૨૦૨૩ના રોજ વિશ્વ યોગ દિન નિમિત્તે સમગ્ર કોલેજ સ્ટાફ અને ૩૦૦ જેટલી વિદ્યાર્થીનીઓ માટે યોગનું આયોજન કરવાં આવ્યું. યોગ શિક્ષક તરીકે ડૉ. પ્રણવ જોષીપુરા તથા પ્રા. પાયલબેન પંડયાએ સેવા આપી.
- તા. ૧૭/૭/૨૦૨૩ના રોજ રાજભવન, ગાંધીનગર ખાતે યોજાયેલ બ્લડ ડોનેશન કેમ્પમાં ૭ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો.
- યુવક વિકાસ ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા આયોજિત વિવિધ પ્રવૃત્તિઓમાં કોલેજની વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો. જેમકે તા. ૧૭/૭/૨૦૨૩ થી ૨૧/૭/૨૦૨૩ દરમ્યાન આયોજિત ‘મોક વિધાનસભા કાર્યશાળા’માં આજોલ, તા. માણસા ખાતે ૦૫ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો. તા. ૨૪/૮/૨૦૨૩ થી ૨૭/૮/૨૦૨૩ દરમ્યાન અમદાવાદ ખાતે ‘સર્જનાત્મક અભિવ્યક્તિ કાર્યશાળા’માં ૭ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો. તા. ૧૬/૧૦/૨૦૨૩ થી ૧૯/૧૦/૨૦૨૩ દરમ્યાન ‘નિબંધ લેખન કળા’ વિષય પર આયોજિત કાર્યશાળામાં અમદાવાદ ખાતે ૦૫ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો. તા. ૨૧/૧૨/૨૦૨૩ થી ૨૪/૧૨/૨૦૨૩ દરમ્યાન આયોજિત કાર્યશાળામાં ૦૨ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો. તા. ૭/૨/૨૦૨૪ થી ૯/૨/૨૦૨૪ દરમ્યાન આયોજિત ‘કવિતા લેખન પ્રશિક્ષણ’ કાર્યશાળામાં હેતલ રાજગોર, દિશા રાઠોડ અને વૈશ્વી પટેલે ભાગ લીધો.
- તા. ૧૪/૮/૨૦૨૩ના રોજ એનએસએસનો ઓરિએન્ટેશન કાર્યક્રમ થયેલ જેમ વક્તા તરીકે ડૉ. મનુભાઈ પરમારે સેવા આપી.

- આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત ઓગસ્ટ માસ દરમ્યાન વિવિધ કાર્યક્રમો કરવામાં આવેલ જેમાં તિરંગા યાત્રા,પંચપ્રાણ પ્રતિજ્ઞા, ચાર્ટમેકિંગ સ્પર્ધા... વગેરે યોજવામાં આવેલ. જેમાં કોલેજનો સમગ્ર સ્ટાફ અને વિદ્યાર્થીનીઓએ ભાગ લીધેલ.

- તા. ૨૨/૮/૨૦૨૩ના રોજ ૨૦૦ જેટલી વિદ્યાર્થીનીઓના યુવા પોર્ટલ પર રજીસ્ટ્રેશન કરવામાં આવ્યા.

- તા. ૧૯, ૨૩ અને ૨૫ ઓગસ્ટ, ૨૦૨૩ દરમ્યાન પ્રિ રીપબ્લિક ડે કેમ્પ પસંદગીમાં ગુજરાત યુનિવર્સીટી ખાતે ૩ વિદ્યાર્થીનીઓ – દીપિકા રાઠોડ, ઉર્મિલા ઠાકોર અને માધવી મકવાણાએ ભાગ લીધો. જેમાંથી માધવી મકવાણાની પસંદગી હૈદરાબાદ ખાતે રાષ્ટ્રિય કક્ષાએ તાલીમ મતે થયેલ છે. અભિનંદન

- તા. ૬/૯/૨૦૨૩ના રોજ જીવન અસ્થા હેલ્પ લાઈનના સહયોગથી ‘આત્મનિર્ભર ભારત’ કાર્યક્રમ અંતર્ગત જન જાગૃતિ રેલી અને વ્યાખ્યાન યોજેલ. જેમાં સમગ્ર સ્ટાફ અને ૫૦૦ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધેલ.

- તા. ૧૬/૯/૨૦૨૩ના રોજ કંથારપુર ખાતે સ્વચ્છતા અભિયાન કાર્યક્રમાં એનએસએસની ૫૨ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધેલ.

- તા. ૪/૧/૨૩ થી ૧૦/૧/૨૩ દરમ્યાન એનએસએસનો વાર્ષિક શિબિર શબ્દલપુરા, ધોળાકુવા, તા. માણસા મુકામે યોજાઈ ગયો. જેમાં ૫૬ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો.

- તા. ૩૦/૧૦/૨૦૨૩ ના રોજ ‘રાષ્ટ્રિય એકતા શપથ’ કાર્યક્રમમાં સરદાર વલ્લભભાઈ પટેલ પર ૦૫ વિદ્યાર્થીઓએ વક્તવ્ય આપેલ તેમ જ ‘રાષ્ટ્રિય એકતા અને અખંડિતતા’ માટે કુલ ૪૦ વિદ્યાર્થીનીઓએ શપથ લીધેલ.

- તા. ૧૫/૧૨/૨૦૨૩ ના રોજ ગુજરાત સરકાર અને ગુજરાત યુનિવર્સીટી દ્વારા આયોજિત કાર્યક્રમ **My Bharat Portal** માં રજીસ્ટ્રેશન માટેની તાલીમમાં પ્રોગ્રામ ઓફિસર અને ૦૫ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધેલ.

- તા. ૧૭/૧/૨૦૨૪ના રોજ ઉચ્ચ શિક્ષણ કચેરી અને ગુજરાત યુનિવર્સીટી, એનએસએસ વિભાગ દ્વારા આયોજેલ ગુજરાત સંસ્કૃત વક્તૃત્વ સ્પર્ધામાં ૦૯ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો જે પૈકી અપૂર્વા જોશીએ યુનિવર્સીટી કક્ષાએ ભાગ લીધો.

- તા. ૧૮/૧/૨૦૨૪ ના રોજ સુભાષચંદ્ર બોઝ જન્મ જયંતી નિમિત્તે કોલેજમાં 'દેશભક્તિ ગીત ગાન' સ્પર્ધા રાખેલ. ૧૨ વિદ્યાર્થીનીઓએ ભગ લીધેલ. જેમાં પ્રથમ ક્રમે આદિદ્રવિડ લક્ષ્મી, બીજા ક્રમે પ્રાંજલ જાદવ અને ત્રીજા ક્રમે નિષ્ઠા શાહ અને દીયાબા વાઘેલા આવેલ.

- તા. ૨૦/૧૧/૨૦૨૩ થી ૨૬/૧૧/૨૦૨૩ દરમ્યાન ગુજરાત યુનિવર્સીટી, એનએસએસ વિભાગ અને કચ્છ યુનિવર્સીટી, ભુજ ખાતેના NIC કેમ્પમાં આપણી કોલેજના સુમિત્રા મારવાડી અને આદિદ્રવિડ લક્ષ્મી સ્વયંસેવક તરીકે ઉપસ્થિત રહ્યાં.

સમગ્ર વર્ષ દરમ્યાન NSS એકમને પ્રવૃત્તિમય રાખવા બદલ NSS પ્રોગ્રામ કોઓર્ડીનેટર ડો. મુકેશચંદ્ર ગોર અને NSS સમિતિને ખુબ ખુબ અભિનંદન.

**<u>Sports</u>**

આ શૈક્ષણિક વર્ષ દરમ્યાન આપણી કોલેજ રમતગમતની વિવિધ પ્રવૃતિઓથી ધમધમતી રહી.

- બોક્સિંગ રમતમાં પીનલ ખારડી ૫૪ કિગ્રા વજન ગૃપમાં ગુજરાત યુનીવર્સીટીમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો તેમ જ ચંડીગઢ મુકામે રમાયેલ આંતર યુનિવર્સીટી બોક્સિંગ ટુર્નામેન્ટમાં ભાગ લીધો;
- કુ. વૈશાલી પટેલે ૫૭ કિગ્રા વજન ગ્રુપમાં તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો;
- ગુજરાત યુનિવર્સીટીની પાવર લીફટીંગ સ્પર્ધામાં પીનલ ખારડી દ્વિતિય ક્રમ પ્રાપ્ત કર્યો;

કોલેજના વિદ્યાર્થીઓએ ગુજરાત યુનિવર્સીટી દ્વારા આયોજિત જુડો, કબડ્ડી, એથ્લેટિક્સ જેવી રમતોમાં ભાગ લીધો.

દર વર્ષની જેમ આ વર્ષે પણ કોલેજમાં Sports Dayનું આયોજન તા. ૮/૨/૨૪ના રોજ કરવામાં આવ્યું. જેમાં લગભગ ૪૦૦ વિદ્યાર્થિનીઓએ વિવિધ ઇન્ડોર અને આઉટડોર રમતોમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો. જેમાં સમગ્ર સ્પોર્ટ્સ ડેના પરફોર્મન્સના આધારે બેસ્ટ એથલીટ તરીકે TYBComમાં અભ્યાસ કરતા કુ. વિજયાલક્ષ્મી ગોહિલ પસંદગી પામે છે.

સ્પોર્ટ્સ વિભાગના પ્રાધ્યાપકશ્રી હરેશભાઈ પટેલ તથા સમગ્ર સ્પોર્ટ્સ કમિટીનેને અભિનંદન.

<u>યુવક મહોત્સવ:-</u>

પ્રતિ વર્ષ ગુજરાત યુનિવર્સિટી તરફથી ત્રણ વિભાગમાં યુવક મહોત્સવ એટલે કે યુથ ફેસ્ટીવલનું આયોજન કરવામાં આવે છે. જેના પ્રત્યેક વિભાગમાં લગભગ ૪૦ જેટલી કોલેજો ભાગ લે છે. આ વર્ષે

તા. ૧૭ અને ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૩ દરમ્યાન જે. જી. કોલેજ ઓફ ફીઝીઓથેરાપીના યજમાન પદે એલિસબ્રિજ નોર્થઝોનની યુવક મહોત્સવની સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં કુલ ૩૨ સ્પર્ધાઓમાં ૬૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો. આપણી કોલેજમાંથી કુલ ૪૪ વિદ્યાર્થિનીઓએ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો.

જે પૈકી શાસ્ત્રીય સંગીતમાં કુ. અંજલી ઠાકોર, ઈલોક્યુશનમા કુ. જનાકીબા ઝાલા, ઓન-ધ-સ્પોટ પેઈન્ટીંગમાં કુ. આદિદ્રવિડ લક્ષ્મી, કોલાજમાં કુ. ક્યારા રાઠોડ, સ્પોટ ફોટોગ્રાફીમાં કુ. સલોની સોની તથા ફોક ડાન્સમાં પ્રતીક્ષા, પ્રાચી, રિદ્ધિ, સુજાન, સંગીતા, કોમળ, ખુશી, ભાવિકા, કવિતા અને ક્રિષ્ના બેસ્ટ થ્રીમાં પસંદગી પામ્યા.

તમામ વિદ્યાર્થિનીઓ તથા યુવક મહોત્સવ કમિટીના ઇન્ચાર્જ પ્રા.પાયલબહેન પંડ્યા તથા કમિટીના સભ્યોને ખુબ ખુબ અભિનંદન પાઠવીએ છીએ.

**JOB PLACEMENT**

B.Com. અને BAમાં છઠ્ઠા સેમેસ્ટરમાં અભાસ કરતી વિદ્યાર્થીનીઓને રોજગારી મળે તે હેતુથી શિક્ષણ વિભાગ અને કેસીજી દ્વારા Job Fair નું આયોજન કરવામાં આવે છે. આપણી કોલેજની આ કમીટીના સભ્યો દ્વારા જુદી-જુદી કંપનીઓમાં જઈને ૧૧૦ જેટલી માર્કેટિંગની જગ્યાઓ લાવવામાં આવી છે. આગામી તા. ૧૫ માર્ચ, ૨૦૨૩ના રોજ સરકારી કોમર્સ કોલેજમાં રોજગારી મેળાનું આયોજન કરવામાં આવે છે. કોલેજની જોબ પ્લેસમેન્ટ કમિટિના કોઓર્ડીનેટર પ્રા. હેતલબેન રાવલ અને સમગ્ર કમિટીને અભિનંદન.

**Training Programme**

- ગુજરાત સરકાર દ્વારા આયોજિત ફીનીશીંગ સ્કૂલની વર્ષ ૨૦૨૩-૨૦૨૪ની બેચ – ૨માં કુલ ૭૪ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો.
- તા. ૨૬/૬/૨૦૨૩ થી ૩૧/૭/૨૦૨૩ દરમ્યાન TCS દ્વારા તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં કુલ ૪૨ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધેલ તથા મેનેજમેન્ટ ટ્રેઈનર સુ શ્રી રીમા પટેલ દ્વારા તાલીમ આપવામાં આવી. તાલીમને અંતે કુલ ૨૦ વિદ્યાર્થીનીઓએ ઇન્ટરવ્યુ આપ્યા અને ૨ વિદ્યાર્થીનીઓ કુ. ઝીલ અને કુ. સંધ્યાએ નોકરી પ્રાપ્ત કરી.

- તા. ૨૬/૧૨/૨૦૨૩ થી ૪/૧/૨૦૨૪ દરમ્યાન મહિન્દ્રા એન્ડ કંપનીની સીએસઆર પ્રવુત્તિ કરતા એકમ નંદી ફાઉંડેશન દ્વારા સર્ટીફીકેટ કોર્સનું આયોજન કરવામાં આવ્યું. જેમ મેનેજમેન્ટ ટ્રેઈનર શ્રીમતિ હેતલ પરમાર દ્વારા **Employability Skills** ની તાલીમ આપવામાં આવી.

સમિતિને અભિનંદન.

**SCOPE**

ગુજરાત સરકાર દ્વારા લેવામાં આવતી **SCOPE Only Assessment – CEPT Exam** અંતર્ગત ૫૯ વિદ્યાર્થીનીઓ ઉત્તીર્ણ થયા. કમીટીના ઇન્ચાર્જ ડો. મીતાબેન શાહ તેમ જ ડૉ. તેજસભાઈ શાહને અભિનંદન.

સર્વ નેતૃત્વ શીબીર:

વર્ષ ૨૦૨૩-૨૦૨૪ દરમ્યાન કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા આયોજિત સર્વ નેતૃત્વ શિબિર નંબર ૭૨, ૭૪, ૭૬, ૭૯ અને ૮૩ માં આપણી કોલેજની કુલ ૨૪ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો. આ તાલીમ શિબિરમાં વિદ્યાર્થીનીઓના સર્વાંગી વિકાસ અને લીડરશીપ કઈ રીતે કરવી તેની તાલીમ અપાય છે. સર્વ નેતૃત્વ શિબિર સંદર્ભમાં તા. ૧૦/૯/૨૦૨૩ના રોજ ટાગોર હોલ ખાતે યોજાયેલ શોભાયાત્રા અને સેમિનારમાં અપની કોલેજની ૦૫ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો.

આ પ્રવૃત્તિના ઇન્ચાર્જ ડૉ. રીટાબેન ગાંધી અને સમિતિને અભિનંદન.

**MoU:**

યુજીસી તથા નવી શિક્ષણ નીતિની ભલામણોને આધીન આ વર્ષે પણ આપણી કોલેજે સમર્પણ આર્ટસ અને કોમર્સ કોલેજ, ગાંધીનગર અને એસ. ડી. આર્ટસ અને શાહ બી. આર. કોમર્સ કોલેજ, માણસા સાથે ફેકલ્ટી અને વિદ્યાર્થી એક્ષ્ચેન્જ, IQAC, NAAC અને Short Term Certificate Course જેવા આયામોને લઈને Memorandum of Understanding કર્યાં.

MoU અંતર્ગત તા. ૨૨.૧૨.૨૦૨૨ના રોજ માણસાથી ૮ વિદ્યાર્થીઓએ અત્રેની કોલેજ ખાતે તેમ જ ૩૦.૧૨.૨૦૨૨ના રોજ આપણી કોલેજની ૮ વિદ્યાર્થીનીઓએ માણસા કોલેજ ખાતે સ્ટુડન એક્ક્ષ્ચેન્જ અંતર્ગત અભ્યાસ કર્યો.

ફેકલ્ટી એક્સચેન્જ અંતર્ગત ૩૦.૧૨.૨૦૨૨ના રોજ આ કોલેજના પાંચ અધ્યાપકોએ માણસા કોલેજ ખાતે શિક્ષણ કાર્ય કર્યું તેમ જ માનસ કોલેજના ચાર અધ્યાપકોએ તા. ૨૨.૧૨.૨૦૨૨ના રોજ અધ્યાપન કાર્ય કર્યું.

સમર્પણ કોલેજની ત્રણ વિદ્યાર્થીનીઓએ આ કોલેજમાં ચાલતી સર્જનાત્મક પ્રવૃત્તિ 'સંવાદ'માં ભાગ લઈને પોતાની કવિતાઓ રજૂ કરી.

MoU સમિતિના કોઓર્ડીનેટર ડૉ. પ્રણવ જોષીપુરા અને તમામ સમિતિ સભ્યોને અભિનંદન.

ગ્રીન ક્લબ:

**પર્યાવરણ જાળવણી, સંવર્ધન, ગ્રીન ઓડીટ, કાર્બન ઓમીસન, સ્વચ્છતા જેવા વિષયો લઈને સમગ્ર વર્ષ દરમ્યાન પ્રવૃત્તિમય ગ્રીન ક્લબ દ્વારા સતત બીજી વખત આ કોલેજનું 'ગ્રીન ઓડીટ' કરવામાં આવ્યું અને ગુજરાત સરકાર માન્ય નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા આ કોલેજને ગ્રીન ઓડીટના આયામો પ્રમાણે Energy Efficient Collegeથી પ્રમાણિત કરવામાં આવી. આ ઓડિટનો તમામ ડેટા ગ્રીન ક્લબના સ્વયંસેવકોએ જ એકઠો કરીને આ ઓડીટમાં ઉત્સાહભેર ભાગ લીધો છે.**

**World Environment Day નિમિત્તે ૫ જુને, ૨૦૨૩ના રોજ Beat Plastic Pollution વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું. જે અંતર્ગત ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી (જેડા) ના ચેરમેન IAS શ્રી અજય પ્રકાશ અને નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સેન્ટરના શ્રી અનિલભાઈ પટેલ હાજર રહ્યા. આ દિવસે વૃક્ષારોપણ પણ કરવાં આવ્યું. તેમ જ ગ્રીન ક્લબના સભ્યો દ્વારા ડ્રોઈંગ, સ્લોગન અને નિબંધ સ્પર્ધાઓ આયોજવામાં આવી.**

**તા. ૯ જૂન, ૨૦૨૩ના રોજ નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા 'ગ્રીન ઓફીસ મેનેજમેન્ટ' વિષય પર સમગ્ર કોલેજનો વહીવતી સ્ટાફ અને લાઈબ્રેરી સ્ટાફ સાથે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું. ગ્રીન ક્લબના ૧૩૪ સ્વયંસેવકોએ નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સેન્ટરની મુલાકાત લીધી. ગ્રીન ક્લબના કોઓર્ડીનેટર ડૉ. પ્રણવ જોષીપુરા અને તમામ સમિતિ સભ્યોને અભિનંદન**

ઇનોવેશન ક્લબ:

**તાજેતરમાં ગુજરાત રાજ્યના ઉચ્ચ શિક્ષણ અને કેસીજી અંતર્ગત શરૂ કરાયેલ ઇનોવેશન ક્લબ આપણી કોલેજમાં કાર્યરત છે. આ ક્લબના માધ્યમથી વ્યવસાય ક્ષેત્રે વિદ્યાર્થીનીઓમાં પડેલ**

આંતરિક શક્તિઓ અને આંતરસૂઝ બહાર લાવવાની પ્રવૃત્તિ થાય છે. આ ક્લબના કોઓર્ડીનેટર ડૉ. રાકેશ પ્રજાપતિએ ૧૧ અને ૧૨ ડીસેમ્બર, ૨૦૨૩ના રોજ EDII ખાતે તાલીમ લીધી.

સંવાદ:

વિદ્યાર્થિનીમાં સાહિત્યિક વાંચન-લેખન, શ્રેષ્ઠ પુસ્તકોનો પરિચય અને વાંચન, ઉત્તમ ફિલ્મો અને ઈતિહાસની ચળવળોની માહિતી, વિશ્વભરની વિધવિધ ઘટનાઓની માહિતી તેમજ વિદ્યાર્થિનીઓએ પોતે લખેલ સર્જનાત્મક સાહિત્યનું પઠન કરાવતી પ્રવૃત્તિ એટલે 'સંવાદ'. તા. ૧૦ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ જાણીતા પક્ષીવિદ અને અધ્યાપિકા ડૉ. ઉલુપીબેન પટેલનો 'વિશ્વ સાહિત્યમાં પક્ષીઓ' વિષય પર સંવાદ રાખવામાં આવ્યો. જે અંતર્ગત ૧૦૦થી પણ વધારે વિદ્યાર્થીનીઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો.

સંવાદના ત્રણ વિદ્યાર્થીઓએ હાર્ટફૂલનેસ એજ્યુકેશન ટ્રસ્ટ અને શ્રી રામ ચંદ્ર મિશન દ્વારા આયોજિત ગ્લોબલ હાર્ટફૂલનેસ નિબંધ સ્પર્ધા – ૨૦૨૩ નું આયોજન કરવામાં આવ્યું. જે અંતર્ગત આપણી કોલેજના વિદ્યાર્થીઓ દક્ષાબા ચાવડા, અપૂર્વા જોષી અને ક્રિષ્ના ચાવડાએ ભાગ લઈને કોલેજનું ગૌરવ વધાર્યું છે.

બેસ્ટ સ્ટુડન્ટ એવોર્ડ

કોલેજના ત્રણ વર્ષ દરમ્યાન જે વિદ્યાર્થિનીએ યુનિવર્સીટીની પરીક્ષાઓમાં ઉજ્જવળ પરિણામો પ્રાપ્ત કરવાની સાથેસાથે કોલેજમાં ચાલતી અભ્યાસેતર તથા અભ્યાસપપૂરક પ્રવૃતિઓમાં પણ વિશિષ્ટ સિધ્ધિઓ પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધાર્યું હોય, તેઓના આવેદનપત્ર મંગાવીને રૂબરૂ ઇન્ટરયુ લઇને આર્ટસ તથા કોમર્સ વિભાગમાંથી એક-એક વિદ્યાર્થિનીની પસંદગી બેસ્ટ સ્ટુડન્ટ એવોર્ડ માટે કરવામાં આવે છે. આ વર્ષે આર્ટસ વિભાગમાં અંગ્રેજી વિષયના વિદ્યાર્થીની કુ. જાનકીબા ઝાલા તથા કોમર્સ વિભાગમાં કુ. પ્રાર્થના ભગત આ કોલેજના બેસ્ટ સ્ટુડન્ટ તરીકે પસંદગી પામ્યાં છે. બંનેને કોલેજ પરિવાર શુભેચ્છાઓ તથા અભિનંદન પાઠવે છે તથા કમિટીના ઇન્ચાર્જ ડૉ. ભરતભાઈ તડવી તથા અન્ય સભ્યોને અભિનંદન.

બેસ્ટ રીડર એવોર્ડ

જે વિદ્યાર્થિનીઓએ પુસ્તકાલયનો મહતમ ઉપયોગ કર્યો હોય, તેઓના ઈન્ટરવ્યુ લઇને એક વિદ્યાર્થિની આર્ટસ તથા એક કોમર્સમાંથી પસંદ કરી બન્નેને રૂ. ૫૦૧નું રોકડ ઇનામ ડૉ. પ્રણવ જોષીપુરા દ્વારા આપવામાં આવે છે. આ વર્ષે આર્ટસ વિભાગમાંથી સમાજશાસ્ત્ર વિષયના કુ. કાજળ

મૈયડ તથા કોમર્સ વિભાગમાંથી કુ. આરતી અસારીને બેસ્ટ રીડર જાહેર કરવામાં આવ્યાં છે. બંનેને અભિનંદન. કમિટી ઇન્ચાર્જ ડૉ. કુ.મયુરીબહેન ને કમીટીના સભ્યોને અભિનંદન પાઠવીએ છીએ.

<u>ગુરૂપુર્ણીમાં ઉજવણી:</u>

તા. ૩/૭/૨૦૨૩ના રોજ કોલેજના સંસ્કાર ભવનમાં ગુરૂપુર્ણીમાં મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા ગુરુઓને કંકુતિલક અને પુષ્પાર્પણ કરવામાં આવ્યું. તદ્ઉપરાંત ગુરુવંદના શ્લોકોનું ગાન, ગુરુ માહાત્મ્ય વિષયક વક્તવ્ય, ગુરુશિષ્યના આત્મીય સંબંધોને રજૂ કરતી કઘુ નાટિકા પ્રસ્તુત કરવામાં આવી.

ગુરૂપુર્ણીમાં ઉજવણીના કોઓર્ડીનેટર ડૉ. જેરામ પટેલ તથા સમિતિના સભ્યોને અભિનંદન

**<u>CWDC:</u>**

- તા. ૬/૯/૨૦૨૩ના રોજ જીવન અસ્થા હેલ્પ લાઈન દ્વારા સમગ્ર કોલેજના વિદ્યાર્થીનીઓ માટે **Suicide Awareness March** યોજાઈ.
- સમગ્ર વર્ષ દરમ્યાન વિદ્યાર્થીનીઓના વિવધ પ્રશ્નોનું કાઉન્સેલીંગ કરવામાં આવ્યું

પ્રા. ફાલ્ગુનીબેન પટેલ અને ડૉ. રીટાબેન ગાંધીને અભિનંદન

આ ઉપરાંત ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે તા. ૫/૧/૨૦૨૪ થી ૬/૧/૨૦૨૪ દરમ્યાન આયોજિત આંતરરાષ્ટ્રિય સેમિનાર **Mapping Gandhi in Different Cultures Across Globe** માં આપણી કોલેજની અંગ્રેજી વિષયની વિદ્યાર્થીનીઓ જનાકીબા ઝાલા, જ્હાનવી બ્રહ્મભટ્ટ, સલોની સોની, ક્ષમા સુથાર અને ખુશી ચૌધરીએ અંગ્રેજી સાહિત્યની પેટા વિભાગમાં સંશોધન પત્ર એટલે કે રીસર્ચ આર્ટીકલનું વાંચન કર્યું. અભિનંદન. સમગ્ર કોલેજ પરિવાર આ સિદ્ધિ બદલ ગૌરવ અનુભવે છે.

આ સિવાય પ્રવેશોત્સવ, ગુરુપૂર્ણિમા ઉજવણી, સ્પોર્ટ્સ ડે, ટીચર્સ ડે સેલિબ્રેશન, મહેંદી હરિફાઇ, રાખડી બનાવવાની સ્પર્ધા, વિવધ 'ડેઝ'ની ઉજવણી, નવરાત્રી ગરબા, રંગારંગ 'કલશોર' સાંસ્કૃતિક કાર્યક્રમ, વાર્ષિકોત્સવ વગેરે કાર્યકમોની ઉત્સાહપૂર્વક ઉજવણી કરી. તેમજ વિવિધ વિભાગો અને સમિતિઓ દ્વારા દિવસોની ઉજવણી, શોર્ટ ટર્મ સર્ટીફીકેટ કોર્ષ, વિવિધ તાલીમો, વિદ્યાર્થી કાઉન્સેલીંગ

અને મેન્ટરીંગ, સેમિનાર, પ્રોજેક્ટ્સ, એસાઈન્મેન્ટ જેવી વિવિધ શૈક્ષણિક દ્વારા ૨૦૨૩-૨૦૨૪ જીવંત તથા સફળ બની રહયું.

અધ્યાપકસજ્જતા એ સંસ્થાના વિકાસનું અગત્યનું એકમ છે. આ કોલેજનો સમગ્ર અધ્યાપકગણ કર્તવ્યનિષ્ઠ તથા તેજસ્વી છે. સમગ્ર વર્ષ દરમ્યાન અનેક આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય અને રાજ્ય સ્તરીય પરિસંવાદો તથા સંગોષ્ઠીઓમાં શોધપત્રો રજૂ કરવા, ફેકલ્ટી ડેવેલપમેન્ટ પ્રોગ્રામ્સમાં હાજરી, બોર્ડ ઓફ સ્ટડીઝમાં જુદાજુદા પદો પર સેવા આપવી, વિષય નિષ્ણાત તરીકે અન્ય સંસ્થાઓમાં વ્યાખ્યાનો આપવા,જુદાજુદા વિશ્વવિદ્યાલયમાં એમ.ફીલ, પી.એચડી. ના રેફરી અને માર્ગદર્શક તરીકેની કામગીરી કરવી, ગુજરાત સરકારશી દ્વરા આયોજિત અધ્યાપક ભરતી સમિતિમાં વિષય નિષ્ણાત તરીકે કામગીરી, ગુજરાત સરકારશ્રી દ્વારા યોજાતી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં જીપીએસસી આયોગના પ્રતિનિધિ તરીકે ફરજ, સાથેસાથે કોલેજમાં પોતપોતાના વિભાગમાં સઘન અધ્યાપન અને વિદ્યાર્થીલક્ષી વિભાગીય પ્રવૃતિઓ કરાવવી વગેરે તમામ અધ્યાપકશ્રીઓ ખંત તેમજ પરિશ્રમથી કરે છે.

આ વર્ષે અંગ્રેજી વિષયના અધ્યાપક ડૉ. તેજસભાઈ શાહે **‘Reflection of Ecocritical Issues in Select Modern Indian English Fiction: A Critical Study’** વિષય પર શોધ નિબંધ લખીને હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી દ્વારા **Ph. D.** ની ડીગ્રી પ્રાપ્ત કરી. ડૉ. તેજસભાઈને અભિનંદન.

આપણી કોલેજમાં વર્ષ ૨૦૨૩ અને ૨૦૨૪માં અધ્યાપક મિત્રોની નિમણુંક સરકારશ્રીની ભરતી પ્રક્રિયા દ્વારા કરવામાં આવી. જેમાં અર્થશાસ્ત્ર વિષયમાં ડૉ. કૃપાબેન રાવલ, ભૂગોળ વિષયમાં ડૉ. નીલેશ ચૌધરી અને પ્રા. વર્ષાબેન નીનામા, સમાજશાસ્ત્ર વિષમાં ડૉ. પરેશભાઈ ચૌહાણ અને ગુજરાતી વિષયમાં ડૉ. કિરણબેન ખેનીની નિમણુંક આપણી કોલેજમાં કરવામાં આવી છે. નવનિયુક્ત અધ્યાપકોને આવકાર. તેમ જ વર્ષ ૨૦૨૩ માં હિન્દી વિષયના પ્રધ્યાપિકા ડૉ. કીર્તીકમલ વાઘેલા વાયમર્યાદાને કારણે સેવાનિવૃત્તિ થયા.

આ તમામ સિધ્ધિઓ બદલ સમગ્ર કોલેજ પરિવાર તરફથી સર્વેને અભિનંદન પાઠવીએ છીએ.